## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કાલનાં પેપરની હેડ-લાઈન બનાવવી પડે એવા આ જ ન્યૂઝ છે... વિદેશ પ્રધાન... વિદેશ ગયા...!!

# સમગ્ર શહેરમાં સાંજે વિજપ્રવાહ ખોરવાઈ જતા કામકાજ ઠપ્પ

**સાબરમતીના મેઈન ફીડરમાં ટેકનિકલ ખામી સર્જાતા લાઈટો ડૂલ થઈ**

ગાંધીનગર, તા. ૯

સાબરમતીમાં મેઈન ફીડરમાં ટેકનિકલ ખામી સર્જાતા આજે સાંજે ૫.૧૫ કલાકે સમગ્ર શહેરમાં વીજપુરવઠો ડૂલ થઈ ગયો હતો. ઓફિસ અવર્સ ચાલુ હોવાથી સરકારી કચેરીઓમાં પણ અચાનક લાઈટ ડૂલ થઈ જવાથી કર્મચારીઓ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. જો કે ટુંક સમયમાં જ વીજપ્રવાહ રાબેતા મુજબ શરૂ થતા પરિસ્થિતિ થાળે પડી ગઈ હતી.

સમગ્ર શહેરમાં આજે સાંજે અચાનક વિજપ્રવાહ ખોરવાઈ જતા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. સાંજે ૫.૧૫ વાગ્યાના અરસામાં અચાનક જ તમામ સેક્ટરોમાં લાઈટો ડૂલ થઈ ગઈ હતી. સાબરમતીના મેઈન ફીડરમાં ટેકનિકલ ખામી સર્જાતા ગાંધીનગર શહેરમાં વિજપ્રવાહ ખોરવાઈ ગયો હોવાનું ધ્યાને આવ્યું હતું. શહેરમાં લાઈટો ડૂલ થઈ જવાના લીધે સેક્ટરોમાં ઘરની તેમજ કચેરીઓમાં લાઈટ-પંખા ડૂલ થઈ ગયા હતા. શહેરની હોસ્પિટલોમાં પણ લાઈટો ડૂલ થતા દર્દીઓ સહીત સ્ટાફ ચિંતામાં મુકાયો હતો. ઓફિસ અવર્સ દરમિયાન ૧૦ મિનિટ જેટલા સમય માટે વિજપ્રવાહ ખોરવાઈ ગયો હતો જો કે ગણતરીની મિનિટોમાં જ લાઈટ આવી જતા રાબેતામુજબ કામકાજ શરૂ થઈ ગયું હતું. ટોરેન પાવરના સૂત્રોના જણાવ્યા મુજબ સાબરમતીની મેઈન ફીડર લાઈનમાં ટેકનિકલ ખામી સર્જાતા વિજપ્રવાહ ખોરવાઈ ગયો હતો પરંતુ ખામીનું નિવારણ આવી જતા બાદ કોઈ તકલીફ નથી.

# ફરતી લાયબ્રેરી માટે ૧૨ લાખના પુસ્તકો ખરીદાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકા ફરતી લાયબ્રેરી માટે રૂ. ૧૨ લાખની કિંમતના પુસ્તકો ખરીદશે તેમજ મનપાના ૧૦૦ વાહનોમાં જીપીએસની સિસ્ટમ ફીટ કરવા ઉપરાંત વડીલ વંદના અંતર્ગત સીનીયર સિટીઝનોને ગાંધીનગર દર્શનનો અભિગમ અપનાવવાના નિર્ણયો સ્થાયી સમિતિએ કર્યો છે.

ચેરમેનશ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં બજેટમાં સૂચવાયેલ વડીલ વંદના કાર્યક્રમનો અમલ કરવાની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે. છેલ્લી ક્ષણોમાં લવાયેલી આ દરખાસ્તને આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી બહાલી પણ આપી દેવામાં આવી હોવાની વાતો બહાર આવી છે.

**મનપાના ૧૦૦ વાહનોમાં જીપીએસ સિસ્ટમ લગાવાશે**

મનપાની સ્થાયી સમિતિએ ગઈ વખતે નિમણુંક-ભરતીના નિયમો ફગાવી દીધા બાદ આજે પુનઃ નવા સુધારાઓ વિના જુના નિયમોને જ બહાલી આપી છે. આ નિયમોમાં નવી નિમણુંક વેળાએ આઉટ સોર્સિંગમાં ત્રણ વર્ષ પૂર્ણ કરનાર કર્મચારીની પસંદગીને અગ્રતા આપવાનો સુધારો કરાયો છે.

આજની બેઠકમાં ૧૦૦ મનપાના વાહનોમાં જીપીએસ સિસ્ટમ લગાવવાની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે. એક વાહન પાછળ આ સિસ્ટમ લગાવવામાં રૂ. ૨૫ હજારનો ખર્ચ થવાનો અંદાજ છે. આજની આ બેઠકમાં રૂ. ૧૨ લાખના ખર્ચે ફરતી લાયબ્રેરી માટે ૨૫૦૦ જેટલા પુસ્તકોની ખરીદી મુખ્ય ગ્રંથાલય અધિકારી સાથે પરામર્શમાં રહીને ખરીદવામાં આવશે. તે દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.

# સિવિલના કર્મચારીઓને ફાયરની પ્રાથમિક તાલીમ આપવામાં આવી

## તાલીમમાં નર્સ, સીક્યુરીટી સહિત હાઉસ કીંપીગનો સ્ટાફ હાજર રહ્યો

ગાંધીનગર તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અધ્યતન આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવી છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના નિદાન માટે આવતા હોય છે. ત્યારે સિવિલમાં આઠ માળની નવિન ઈમારત બનાવવામાં આવી છે. રોજના હજ્જારો દર્દીઓ આવે છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. મેડીકલ કોલેજને પગલે સિવિલમાં ૬૦૦ બેડની સુવિધા ઉપ્લબ્ધ કરાઈ છે. કેમ્પસમાં આઠમાળની નવી ઈમારતમાં મોટાભાગના વોર્ડ શરુ કરી દેવામાં આવ્યા છે. સિવિલમાં દર્દીઓનો ધસારો અત્યારે હાલના



સમયે વિશેષ જોવા મળ્યો છે. ત્યારે સિવિલ સતાવાળાઓએ કેમ્પસમાં આગજનીનો બનાવ બને તો સિવિલના કર્મીઓએ શું તકેદારી રાખવી જોઈએ તે અંગે આજે સિવિલમાં ફાયરની પ્રાથમિક તાલીમનો એક વર્કશોપ યોજાયો હતો. જેમાં ફાયર ઓફીસર મહેશ મોડે આગ લાગે તો કેવી રીતે આગ પર કાબુ મેળવવો જોઈએ. આઈ.સી.યુ. વેન્ટીલેટર પર હોય તેવા દર્દી અને ઓર્થોપેડીકના દર્દીઓને કેવી રીતે સલામત રીતે બહાર નીકાળવા જયારે ફાયરના હાજર સ્ટોકમાં રહેલા સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો, કયા પ્રકારની આગ છે તેને જોઈને તે પ્રકારના ફાયર એસ્ટીંગ્યુઝર વાપરવા જોઈએ, આગ લાગે તો સૌપ્રથમ તકેદારીના ભાગ રુપે શું કરવું જોઈએ તે સહિતની ઝીણવટ ભરી માહિતી સિવિલ સ્ટાફના કર્મીઓને આપી હતી. આ પ્રસંગે મોટીસંખ્યામા નર્સ,સિકયુરિટી જવાનો,હાઉસકીંપીંગના માણસો હાજર રહ્યા હતા.

સિવિલમાં કોઈ આગજનીનો બનાવ બને તો હાજર કર્મીઓએ શું કરવું અને કેવી રીતે આગ પર કાબુ મેળવવો તે અંગે શહેરના ચીફ ફાયર ઓફીસર મહેશ મોડે હાજર કર્મીઓને માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમમાં સિવિલ નર્સ સ્ટાફ,સિકયુરીટી ગાર્ડ અને હાઉસકીંપીંગના કર્મીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જિલ્લામાંથી

> સિવિલના તંત્રને મોકડ્રીલ શું તે ખબર ન હોય તેવું લાગી રહ્યું છે. ફાયરની પ્રાથમિક તાલીમમાં કર્મચારીઓની હાજરીમાં સિવિલ હોસ્પિટલના સ્ટાફ સમક્ષ આગામી દિવસમાં યોજાનારી મોકડ્રીલની તારીખ જાહેર કરી તંત્રએ ભાંગરો વાટ્યો હતો. સતર્કતા અને સજજતા માટે મોકડ્રીલ યોજવામાં આવે છે. ત્યારે મોકડ્રીલની તારીખ જાહેર કરીને સિવિલ સતાધીશોએ બફાટ કરી નાંખ્યો છે. મોકડ્રીલમાં આક્સ્મિક આવી પડેલી ઘટનામાં સ્ટાફના માણસો કંઈ રીતે કામ કરે છે. તેમજ કેવી રીતે પહોંચી વળે છે. તેનું ચેંકીંગ કરવામાં આવે છે. કયા વિભાગે પ્રસંશનીય કામગીરી બજાવી છે. તેની પણ નોંધ લેવાય છે. ત્યારે સિવિલના સ્ટાફને મોકડ્રીલની તારીખ જાહેર કરી સજ્જ રહેવા જણાવી દેવાતા મોકડ્રીલનો હેતું જળવાતો નથી.

# જુ.સિ.કા. દ્વારા ટ્રાયસિકલ મળતા વિકલાંગો હરખાયા

ગાંધીનગર તા.૯

ગાંધીનગર શહેરની જાણીતી સેવાકીય સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સીલના સૌજન્યથી અને સ્વ.જી.એમ.વર્માના પરિવાર તરફથી મળેલા આર્થિક સહયોગથી ગાંધીનગર જિલ્લાના દસ વિકલાંગોને જુ.સી.કા.ના કાર્યાલય સેકટર-૧૨ ખાતે બપોરે ત્રણ કલાકે સંસ્થાના સભ્યો અને આમંત્રિત મહેમાનોના હસ્તે ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી. ટ્રાઈસિકલ જરુરીયાતમંદ લાભાર્થીઓને મળતા તેઓ હરખાયા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સેવાભાવી નગરજનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના નાગરીકો માટે સેવામાં હંમેસા અગ્રેસર એવી જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. આ સંસ્થા મધ્યમ અને ગરીબવર્ગના નગરજનો માટે આશિર્વાદરુપ છે.



લાભાર્થી પ્રવીણજી લખાજી ઠાકોર નાનપણથી વિકલાંગતા ધરાવે છે. તે ગીફટસીટી પાસે ચા ની રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ચા ની કિટલી પર જવા માટે મારે રીક્ષા તેમજ મિત્રોની મદદ લેવી પડતી હતી. પરંતુ ટ્રાયસિકલ મળતા હું મારી રીતે ગીફટસીટી જઈ શકીશ હું જુસીકા અને વર્મા પરિવારનો આભારી છું.

ત્યારે વર્મા પરિવારના સભ્યોને એક ઉમદા વિચાર આવ્યો કે સ્વ. જી.એમ. વર્માની વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે વિકલાંગોને ટ્રાયસિકલ આપવી.



ગાંધીનગર નજીક આવેલા શાહપુર ગામના લાભાર્થી દિનેશ ચંદુજી ઠાકોર જણાવે છેકે હું આખો દિવસ ઘરમાં બેસીને ટીવી જોઈને સમયપસાર કરતો હતો. ગામમાં ફરવા જવું હોય પણ જઈ શકતો નહોતો. ઘરમાં બેસીને હું કંટાળી જતો હતો હવે ટ્રાયસિકલ મળતા ગામમાં હું મારી રીતે ફરી શકીસ અને મિત્રોને મળતો રહીશ .મને ટ્રાયસિકલ મળતા મારા શરીરમાં જોમ અને જુસ્સો જુસીકા સંસ્થા અને વર્મા પરિવારે પુરો પાડયો છે. હું બન્નેનો આભારી છું.

ગાંધીનગરમાં ૬૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા હોય તેવા વ્યકિતઓને એક સ્થળેથી અન્ય સ્થળે જવા માટે ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આર્થિક રીતે સધ્ધર ન હોવાથી તેઓ ટ્રાયસિકલ વસાવી શકતા નથી. તેવા લાભાર્થીઓને શહેરના વર્મા પરિવાર અને જુસીકાના સૌજન્યથી જીલ્લાના દસ વિકલાંગોને આજે જુસીકાના કાર્યાલય ખાતે મહેમાનો અને સંસ્થાના હોદેદારોના હસ્તે ટ્રાયસિકલ આપવામાં આવી હતી. શહેરી વિસ્તારના દસ લાભાર્થીઓ વિવિધ પ્રવૃતિ સાથે સંકળાયેલા છે. જેમાં એક લાભાર્થી ચાની લારી તેમજ અન્ય એક ખાટલા ભરવાનું કામ કરે છે. પહેલા લાભાર્થીઓને કયાંક જવુ હોય તો અન્યની મદદ તેમજ રાહ જોવી પડતી હતી. પરંતુ ટ્રાયસિકલ મળતા તેમના ચહેરા પર ખુશીનું મોજુ ફરી વળ્યું હતું.

# આરટીઓની કાર્યવાહીમાં રૂકાવટ કરવા બદલ વેપારી સામે ફરિયાદ

**માહિતી મેળવવાના મામલે હોબાળો મચાવ્યો : આરટીઓએ ફરિયાદ નોંધાવી : અરજદારો ધક્કે ચઢ્યા**

ગાંધીનગર, તા. ૯

'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આરટીઓ કચેરીમાં કામકાજમાં રૂકાવટ કરવા બદલ આરટીઓએ એક શખ્સ સામે સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. બપોરના સમયે આરટીઓ કચેરીમાં શખ્સે માહિતી મેળવવાના મામલે શાબ્દિક ઘર્ષણ કર્યું હતું. સે. ૭ પોલીસે આઈપીસી કલમ ૧૮૬ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના 'ગ' માર્ગ પર સ્થિત આરટીઓ કચેરીમાં છાશવારે ટેકનિકલ ખામી સર્જાતા વહીવટી કામગીરી ઠપ્પ થઈ જાય છે. જ્યારે આજે બપોરના સમયે આરટીઓ કચેરીમાં મોલિક સુમિતલાલ વખારીયાએ ફરજ પરના કર્મચારી સાથે માહિતી મેળવવાના મામલે રકઝક કરી હતી. જેના પરિણામે આરટીઓ કચેરીનું કામકાજ પણ ઠપ્પ થઈ ગયું હતું. આ ઘટના સંદર્ભે આરટીઓ કે.વી. પટેલે સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. સે. ૭ પોલીસે આઈપીસી કલમ

● અનુસંધાન પાના - ૭ પર

# ચાલુ ટ્રેનમાંથી પરિણીતાએ મેદરા કેનાલમાં છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૯

અમદાવાદના મેમકો વિસ્તારમાંથી ડભોડીયા હનુમાન મંદિરે માનતા પુરી કરવા આવેલા સાસુ-વહુ મંદિરેથી ઘરે પરત જવા ટ્રેનમાં બેસ્યા હતાં. રસ્તામાં વહુએ મેદરા કેનાલમાં ચાલુ ટ્રેનમાંથી છલાંગ લગાવી મુકતા ચકચાર મચી જવા પામી હતી. ટ્રેનમાંથી છલાંગ લગાવનાર પરિણીતાને કેનાલમાં પડતા જોઈ જનાર એક ટ્રક ડ્રાઈવરે રસ્સો પાણીમાં નાંખી બચાવવા પ્રયત્નો કર્યો પરંતુ ત્યાં સુધીમાં ડુબી ગઈ હતી. ફાયરબ્રિગેડ અને બહિયલના તરવૈયાઓની ટીમે કરેલી શોધખોળ બાદ પણ પરિણીતાની ભાળ મળી શકી નથી હજુ તેણીની શોધખોળ ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ નરોડાના મેમકો વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય રાજેશ્વરીબેન રાકેશભાઈ વોરા અને તેમની સાસુ સવિતાબેન ગઈ કાલે ડભોડા ગામમાં સુપ્રસિધ્ધ હનુમાન મંદિરે એક માનતા પુરી કરવા ગયા હતાં. મંદિરે તેલ ચઢાવીને ઘરે પરત જવા ડભોડા રેલવે સ્ટેશનથી સાસુ વહુ ટ્રેનમાં બેઠા અને અમદાવાદ તરફ ટ્રેન આગળ ચાલી હતી. રસ્તામાં આવતી મેદરા નર્મદા કેનાલમાં કોઈ કારણોસર વહુ

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આરોગ્યની યોજનાની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારી ડૉ. દિનકર રાવલ આવ્યા હતા અને ત્રણ કલાકથી વધુ વિવિધ કાર્યક્રમોના અમલીકરણની સમીક્ષા કરી હતી.

● જાન્યુઆરી માસમાં યોજાનારી સ્પીકર્સ કોન્ફરન્સની તૈયારી જોવા લોકસભાના અધિકારીઓની ટીમ ગાંધીનગર આવી હતી.

● પલ્સ પોલિયો અભિયાન અંગે જિલ્લાના તબીબી અધિકારીઓના વર્કશોપમાં ડબલ્યુએચઓના ડૉ. અનિશ સિંહાએ હાજરી આપી હતી.

● શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત આજે સે. ૨૮માં વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

● દેના બેંકના ડાયરેક્ટર શ્રી બંકિમ દેસાઈ આજે ગાંધીનગરના અતિથિ બન્યા હતા. તેમણે રિજીયોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસન સાથે બેઠક કરી બેંકની પ્રગતિની વિગતો મેળવી હતી.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકે અર્ધા કલાકમાં ૧૬ જેટલા મુદ્દાઓને બહાલી આપી હતી.

● સાંજે પાંચ વાગ્યાના સુમારે ગાંધીનગર શહેરના મોટા ભાગના વિસ્તારોમાં વીજળી વેરણ થઈ ગઈ હતી. જો કે થોડીકવારમાં જ વીજ પુરવઠો પુનઃ પ્રસ્થાપિત થયો હતો.

## આજે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

ગાંધીનગર, તા. ૯

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં વિવિધ પદાધિકારીઓની પસંદગી હેતુ પ્રદેશ અધ્યક્ષશ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બીજી બેઠક તા. ૧૦ ડિસેમ્બરના રોજ યોજાશે.

ગાંધીનગર ખાતે યોજાનારી આ બેઠકમાં ૨૬ જિલ્લાઓમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડકશ્રીની પસંદગી માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે.

આ અગાઉ ગઈકાલે ૮ ડિસેમ્બરના રોજ ૬ મહાનગરપાલિકાઓ તથા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની વિવિધ સંસ્થાઓમાં ભાજપાના પદાધિકારીઓની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

રક્તદાન મહાદાન

ગાંધીનગરમાં ઈચ્છો ત્યાં ગરમા ગરમ ઘર જેવું ભોજન...
બપોરે : રોટલી, શાક, કઠોળ, દાળ-ભાત, સલાડ
સાંજે : ભાખરી, શાક, ખિચડી અને દૂધ અથવા જે તે દિવસના મેનુ પ્રમાણે
ફ્રી હોમ ડીલિવરી
aastha Tiffin food like home
આસ્થા ટિફિન
સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159
PARAM